**મુખ્ય ચૂંટણી અધિકારી, વહીવટદાર જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં યોજાયેલી સભામાં સર્વનુંમતે પસંદગી કરાઈ**

## દાહોદ જિલ્લા પંચાયતમાં પ્રમુખ-ઉપપ્રમુખ સહિત 5 હોદ્દેદારોની વરણી

**નવા હોદ્દેદારોના** નેતૃત્વ હેઠળ જિલ્લાના વિકાસકાર્યોને વધુ વેગ મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી



(પ્રતિનિધિ) દાહોદ, તા.23 દાહોદ જિલ્લા પંચાયતમાં યોજાયેલી પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી પ્રક્રિયા ઔપચારિકતા વચ્ચે પૂર્ણ થઈ હતી, જેમાં ભારતીય જનતા પાર્ટીએ નિર્વિઘ્ને જિલ્લા પંચાયતના પ્રમુખ સહિત મહત્વના હોદ્દેદારોની જાહેરાત કરી હતી. જિલ્લા પંચાયત કચેરી સ્થિત ઠક્કરબાપા સભાખંડ ખાતે મુખ્ય ચૂંટણી અધિકારી તેમજ કલેકટર સુરભી ગૌતમ તેમજ વહીવટદાર જિલ્લા વિકાસ અધિકારી સ્મિથ લોઢાની ઉપસ્થિતિમાં બપોરે 12:00 કલાકે યોજાયેલી સભામાં પાંચ અગત્યના હોદ્દેદારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. જાહેર કરાયેલા નામો મુજબ પ્રમુખ તરીકે ગમાબેન અભેસિંહ મોહનીયા, ઉપપ્રમુખ તરીકે વિજયસિંહ ભરતસિંહ અમલીયાર, કારોબારી ચેરમેન તરીકે સંગીતાબેન અશ્વિનભાઈ પટેલ, પક્ષના નેતા તરીકે ભૂપેન્દ્રભાઈ કાળુભાઈ સંગાડા તથા દંડક તરીકે મનીષાબેન અનિલભાઈ ભુરીયાની વરણી કરવામાં આવી હતી. હોદ્દેદારોની જાહેરાત બાદ જિલ્લા પંચાયત પરિસરમાં ખુશીનો માહોલ સર્જાયો હતો.

નવા હોદ્દેદારોને તેમના સ્વજનો, ટેકેદારો, કાર્યકર્તાઓ અને શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લા પંચાયત કચેરી ખાતે સમર્થકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે દેવગઢબારિયા, દાહોદ, ગરબાડા, ઝાલોદ અને ફતેપુરા વિસ્તારના ધારાસભ્યો, રાજ્યકક્ષાના મંત્રી રમેશ કટારા, મહેન્દ્ર ભાભોર કનૈયાલાલ કિશોરી, મહેશ ભુરીયા પૂર્વ મંત્રી બચુભાઈ ખાબડ, તેમજ ભારતીય જનતા પાર્ટીના જિલ્લા પ્રમુખ, સંગઠનના હોદ્દેદારો તેમજ પક્ષના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે દાહોદ જિલ્લા પંચાયતની કુલ 50 બેઠકો માટે તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પ્રભુત્વ સ્થાપિત કરતાં 37 બેઠકો પર વિજય મેળવ્યો હતો. જ્યારે કોંગ્રેસે 7 બેઠકો કબજે કરી હતી. બીજી તરફ આમ આદમી પાર્ટીએ તમામ પરંપરાગત રાજકીય પક્ષોને પડકાર આપતા 6 બેઠકો પર જીત મેળવી હતી, જેના કારણે જિલ્લા પંચાયતમાં પાર્ટીની પ્રથમ વખત એન્ટ્રી નોંધાઈ હતી.જિલ્લા પંચાયતમાં ભાજપના બહુમતી આંકડાને પગલે પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દાઓની વરણી સરળતાથી પૂર્ણ થઈ હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. નવા હોદ્દેદારોના નેતૃત્વ હેઠળ જિલ્લાના વિકાસકાર્યોને વધુ વેગ મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ટીંબા ગામ પ્રાથમિક શાળાના આચાર્યને બાલરક્ષક જીવન ગૌરવ સન્માન




(પ્રતિનિધિ) કાલોલ, તા.23 પંચમહાલ જિલ્લા ની ગોધરા તાલુકાની ટીંબાગામ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા કર્મ ને જેઓ ધર્મ માને છે તેવા સતિષભાઈ પ્રજાપતિ નું ઈન્દોર મધ્યપ્રદેશ ખાતે બાલરક્ષક જીવન ગૌરવ સન્માન થી સન્માનિત કરવામાં આવતા પંચમહાલ જિલ્લા અને શાળા પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. બાલરક્ષક પ્રતિષ્ઠાન મહારાષ્ટ્ર દ્વારા બે દિવસીય રાષ્ટ્રીય શૈક્ષિક સંગોષ્ઠી અને સન્માન સમારોહ નું આયોજન અહિલ્યા પરિસર ઈન્દોર ખાતે કરવામાં આવ્યું જેમાં 17 રાજ્યના 120 નવાચારી શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું.

સદર કાર્યક્રમ બે દિવસીય હોવાથી જેમાં પ્રથમ દિવસે એન. ઈ. પી. અંતર્ગત ચર્ચા કરવામાં આવી.વિશેષ તજજ્ઞ દ્વારા ઉપરોક્ત વિષય પર પ્રવચન આપવામાં આવ્યું બાદ સાંજે વિવિધ રાજ્યની સાંસ્કૃતિક ઝાંખી પ્રસ્તુતિ કરવામાં આવી હતી ત્યારબાદ બીજા દિવસે સવારે કાવ્ય સંમેલન માં વિવિધ રાજ્યના શિક્ષક મિત્રોએ પોતાની સ્વ રચિત કાવ્યોનું પઠન કરવામાં આવ્યું અને સાંજે નવાચારી શિક્ષક મિત્રોનું વિવિધ ક્ષેત્રે સન્માન કરવામાં આવ્યું જેમાં પંચમહાલ જિલ્લા ની ટીંબાગામ પ્રાથમિક શાળાના આચાર્ય સતીશકુમાર પ્રજાપતિ નું બાલરક્ષક પ્રતિષ્ઠાન જીવન ગૌરવ સન્માન પ્રદાન કરવામાં આવ્યું.

**કાલોલમાં તસ્કરોનો આતંક યથાવત રહેતા સ્થાનિકોમાં ભય**

## ઓમ ટેનામેન્ટના બે મકાનોની ગ્રિલ તોડી, દ્વારકેશ નગરમાં ૧૦ થી ૧૨ તસ્કરો દેખાતા ફફડાટ

(પ્રતિનિધિ) કાલોલ, તા.23 કાલોલ નગરમાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરો ફરી એકવાર સક્રિય બન્યા હોય તેમ લાગી રહ્યું છે. કાલોલના રાવળ ફળિયા - કલાલ ઝાંપા વિસ્તારમાં આવેલા ઓમ ટેનામેન્ટમાં શુક્રવારે મોડી રાત્રે તસ્કરોએ ત્રાટકીને બે બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા. આ ઉપરાંત નગરની અન્ય એક સોસાયટીમાં પણ મોટી સંખ્યામાં તસ્કરો દેખાતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, ઓમ ટેનામેન્ટના બે મકાનોની લોખંડની ગ્રીલ તોડીને તસ્કરો અંદર પ્રવેશ્યા હતા. ચોરીના ઈરાદે આવેલા આ તસ્કરોએ ઘરની અંદરનો તમામ સામાન વેરવિખેર (રફેદફે) કરી નાખ્યો હતો. આ ઘટના બાદ સોસાયટી અને ઘરની અંદરની પરિસ્થિતિનો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેને પગલે સ્થાનિક રહીશોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે. આ અંગે કાલોલ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો છે પરંતુ આ બનાવ અંગે હજી સુધી પોલીસ મથકે સત્તાવાર રીતે કોઈ ફરિયાદ નોંધાવા પામી નથી. બીજી તરફ કાલોલના દ્વારકેશ નગરમાં ખેતર તરફ આવેલ એક ઘરમાં ૧૦ થી ૧૨ તસ્કરો ત્રાટક્યા હોવાની માહિતી મળી છે જેમાં ઘરમાં રહેતા લોકો જાગી જતા તસ્કરો તેમની સામે બેટરીનો પ્રકાશ નાંખ્યો હતો અને નાસી છૂટ્યા હતા. ઓમ ટેનામેન્ટ ઉપરાંત, કાલોલના દ્વારકેશ નગર સોસાયટી વિસ્તારમાં પણ રાત્રિના સુમારે આશરે ૧૦ થી ૧૨ જેટલા તસ્કરો હથિયારો કે સાધનો સાથે આવ્યા હોવાની વ્યાપક માહિતી મળી રહી છે. એકસાથે આટલી મોટી સંખ્યામાં તસ્કરો સક્રિય થતાં નગરજનો રાત્રિના સમયે ફફડાટ અનુભવી રહ્યા છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, અગાઉ પણ આ પંથકમાં અનેકવાર ચોરીના બનાવો બની ચૂક્યા છે. વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે કાલોલ પોલીસ દ્વારા રાત્રિના સમયે પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવે અને સોસાયટી વિસ્તારોમાં પોલીસ વાનનું ચેકિંગ વધારવામાં આવે તેવી લોકમુખે ઉગ્ર માંગ ઉઠી છે.

## ફતેપુરા આખલાઓ યુદ્ધે ચડતા રાહદારીઓમાં ગભરાટનો માહોલ



(પ્રતિનિધિ) સુખસર,તા.23 ફતેપુરા નગરમાં રખડતા ઢોરોનો ત્રાસ ફરી એકવાર સામે આવ્યો છે.શહેરના વ્યસ્ત હોળી ચકલા રોડ પર બે આખલાઓ વચ્ચે હિંસક યુદ્ધ ફાટી નીકળ્યું હતું.આ ઘટનાને કારણે લગભગ દશ મિનિટ સુધી સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો અને વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર,આખલાઓએ મુખ્ય માર્ગને જાણે બાનમાં લીધો હતો અને રસ્તાની વચ્ચે જ લડવાનું શરૂ કરી દીધું હતું. આ ભયાનક દ્રશ્ય જોઈને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓમાં નાસભાગ મચી ગઈ હતી., જેના કારણે વાહનચાલકોને થોડા સમય માટે થંભી જવાની ફરજ પડી હતી. આખલાઓને છૂટા પાડવા માટે આસપાસના દુકાનદારો અને સ્થાનિક લોકોએ પ્રયાસો કર્યા હતા.લોકોએ પાણી છાંટીને અને લાકડીઓ વડે પણ તેમને દૂર ભગાડવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ આખલાઓ છૂટા પડ્યા નહોતા. લગભગ દશ મિનિટ સુધી ચાલેલા આ સંઘર્ષ બાદ બંને આખલાઓ થાકીને આપોઆપ છૂટા પડ્યા હતા.અને ત્યાંથી ચાલ્યા ગયા. સદનસીબે આ સમગ્ર ઘટના દરમ્યાન કોઈ વાહનચાલક, દુકાનદાર કે રાહદારીને ઈજા થઈ ન હતી. જેથી મોટી દુર્ઘટના ટળી હતી. આખલાઓ દૂર ગયા બાદ માર્ગ પર વાહનવ્યવહાર ફરી રાબેતા મુજબ શરૂ થઈ શક્યો હતો.

**મહિલા સશક્તિકરણના સરકારના દાવાઓ પોકળ સાબિત થઇ રહ્યા છે**

## દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ પતિના ત્રાસથી ત્રસ્ત બે મહિલાઓએ ગળે ફાંસો ખાધો

(પ્રતિનિધિ) દાહોદ, તા.23 દાહોદ જિલ્લામાં વીતેલા ૨૪ કલાક દરમિયાન પતિના ત્રાસથી ગ્રસ્ત મહિલાઓ એ કરેલ આત્મહત્યાના બનાવો બે બનાવો પૈકીનો એક બનાવ દેવગઢબારિયા તાલુકાના અંતેલા ગામે તાડિયા ફળિયામાં બનવા પામ્યો હતો જેમાં અંતેલા ગામના તાડિયા ફળિયામાં રહેતા રાકેશભાઈ હીરાલાલ પટેલ પોતે પરણી થયા છતાં છેલ્લા એક વર્ષથી અન્ય છોકરી સાથે પ્રેમ સંબંધ હોવાના કારણે આ બાબતે તેની પત્ની રેણુકાબેન કહેવા જતા બંને પતિ પત્ની વચ્ચે અવારનવાર કંકાસ બોલાચાલી થતી હતી તેમજ રેણુકાબેનને મોબાઈલ ફોનથી વાત કરતા દેતો ન હતો. જેથી રેણુકાબેન રિસાઈને દેવગઢ બારીયાના કેલીયા ગામે સુથાર ફળિયામાં પોતાના પિયરમાં અવારનવાર જતી રહેતી હતી પરંતુ રેણુકાને સંતાનમાં બે બાળકો હોવાને કારણે તેનો ઘર સંસાર ન બગડે તે હેતુથી રેણુકાના ભાઈ છત્રસિંહ સોમાભાઈ પટેલ તેણીને તેની સાસરીમાં મોકલી આપતા હતા. પરંતુ રેણુકાના પતિ રાકેશભાઈને અન્ય છોકરી સાથે પ્રેમ સંબંધ હોવાને કારણે તે રેણુકાબેનની પત્ની તરીકે સારી રીતે સાચવતો ન હોઈ અને અવારનવાર બોલાચાલીથી અને ઝઘડો તકરાર કરી હેરાન પરેશાન કરી માનસિક ત્રાસ આપતા, રોજે રોજના આ ત્રાસથી કંટાળી ત્રાસી જઈ મનમાં લાગી આવતા તેણીએ પોતાના જ ઘરમાં સરા સાથે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવી લીધું હતુ,

જ્યારે મહિલાની આત્મહત્યાનો બીજો બનાવ ચાકલીયા પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાં આવેલા તળવા ચોકડી પાસે રાત્રિના સમયે બનવા પામ્યો હતો જેમાં ચાકલિયા તળવાચોકડી પાસે રહેતા વિપુલ ભાઈ માનસિંગભાઈ પંડાડએ

તેની પત્ની ૨૦ વર્ષીય દિપીકાબેન ને, 'તું મને ગમતી નથી, મારે તને રાખવી નથી, તું તારા બાપના ઘરે જતી રહે.' તેમ કહી અવારનવાર મારપીટ કરી શારીરિક અને માનસિક ત્રાસ આપતા, અવાર નવારના આવા અસહ્ય ત્રાસને કારણે કંટાળીને દીપિકાબેને ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવી લીધું હતુ,

**પ્રથમ દિવસે દર્દીઓનું તદ્દન મફત નિદાન કરાશે**

## હાલોલની પીએમ પરીખ જનરલ હોસ્પિટલમાં ફિઝિશિયનની નિમણૂક



(પ્રતિનિધિ) હાલોલ, તા.23 હાલોલ બસ સ્ટેન્ડની સામે આવેલ પી.એમ. પરીખ જનરલ હોસ્પિટલ ખાતે લાંબા સમયથી ખાલી પડેલી ફિઝિશિયન ડોક્ટરની જગ્યા પર નવી નિયુક્તિ કરાતા હાલોલ નગર સહિત સમગ્ર તાલુકાની જનતામાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

હાલોલ બસ સ્ટેન્ડ સામે શ્રી હાલોલ મહાજન આરોગ્ય મંડળ ટ્રસ્ટ દ્વારા વર્ષોથી સ્થાનિક અને ગ્રામ્ય વિસ્તારના લોકો માટે પ્રશંસનીય આરોગ્યલક્ષી સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે.આ ટ્રસ્ટ હેઠળ વિવિધ હોસ્પિટલો અને સેન્ટરો દ્વારા નામાંકિત ડોક્ટરોની દેખરેખ હેઠળ રાહત દરે શ્રેષ્ઠ સારવાર પુરી પાડવામાં આવે છે,જેમાં મુખ્યત્વે પી.એમ. પરીખ જનરલ હોસ્પિટલ, કે.એસ.શેઠ પ્રસુતિગૃહ, એલ.એન.તલાટી ડેન્ટલ હોસ્પિટલ,સી.વી.શાહ ડાયાલિસીસ સેન્ટર, ધીરજલાલ કપાસી ફિઝિયોથેરાપી સેન્ટર, પોલીકેબ સોશિયલ વેલ્ફેર ફાઉન્ડેશન બ્લડ બેંક આ ઉપરાંત અહીં નિષ્ણાત તબીબો દ્વારા ચામડી, હાડકાં, નાક-કાન-ગળું (ENT) તેમજ હોમિયોપેથીક જેવી અનેક આરોગ્ય લક્ષી સેવાઓ પણ ખૂબ જ રાહત દરે આપવામાં આવે છે.પી. એમ.પરીખ જનરલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી જનરલ ફિઝિશિયનની જગ્યા ખાલી હતી.હવે ત્યાં તાવ, શરદી, ખાંસી, ડાયાબિટીસ વગેરે જેવા સામાન્ય અને ગંભીર રોગોના નિષ્ણાત એમ.બી.બી.એસ. ડોક્ટર રણજીતસિંહ બારીયાની નિમણૂક કરવામાં આવી છે.

**ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના આંબા ગામે ધુણેશીયા ફળિયાની ઘટના**

## વીજ વાયરોમાંથી મકાન ઉપર તણખા ઝરતા આગમાં બે મકાનો બળીને ખાખ

(પ્રતિનિધિ) દાહોદ, તા.23 ગોવિંદગુરુ લીમડી તાલુકાના આંબા ગામે ધુણેશીયા ફળિયામાં એક મકાનના ઉપરના ભાગેથી પસાર થતા વીજ લાઈનના વાયરોમાંથી પક્ષીઓ બેસવાને કારણે ઝરેલા તણખા મકાન પર પડતા લાગેલી આગની લપેટમાં પાસેનું મકાન પણ આવી જતા બંને મકાનો ઘરવખરી સરસામાન, અનાજ રોકડ ફ્રીજ પંખા લાકડા વગેરે સાથે બળીને રાખ થઈ જતા આગમાં અંદાજે લાખો રૂપિયાનું નુકસાન થયાનું જાણવા મળ્યું છે.

આકરાં ઉનાળાની આગ ઝરતી ગરમીના દિવસો માં જિલ્લામાં આગના બનાવોની સંખ્યામાં એકાએક ઉછાળો આવ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. તેવા સમયે દાહોદ જિલ્લાના ગોવિંદગુરુ લીમડી તાલુકાના આંબા ગામે ધુણેશીયા ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય ભલાભાઈ દીતાભાઈ બારીયાના ઘર ઉપર થઈને પસાર થતી વીજ લાઈનના વાયરો ઉપર પક્ષીઓ બેસતાં વાયરો ભેગા થાતા થયેલી સોટ સર્કિટને કારણે વીજ વાયરોમાંથી ઝરેલા તણખા પરમ દિવસ તારીખ ૨૧-૫-૨૦૨૬ ના રોજ બપોરના ત્રણેક વાગ્યાના સુમારે ભલાભાઈ જીતાભાઈ બારીયાના મકાન પર પડતા મકાનમાં આગ લાગી ગઈ હતી અને જોતજોતામાં આગ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું જેથી આગમાં ભલાભાઈ દીતાભાઈ બારીયાનું મકાન આખું બળીને રાખ થઈ ગયું હતું.

## ઇન્ટેન્સિફાઇડ આઈ.ઈ. સી. કેમ્પેઇન અંતર્ગત દેલસર ગામ ખાતે હેલ્થ કેમ્પ યોજાયો



**દાહોદ :** દાહોદ જિલ્લાના દાહોદ તાલુકાના ભાઠીવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના દેલસર ગામ ખાતે આજ રોજ "ઇન્ટેન્સિફાઇડ આઈ.ઈ.સી. કેમ્પેઇન" અંતર્ગત હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માનનીય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. ઉદય ટીલાવટ તથા જિલ્લા HIV/ટીબી ઓફિસર શ્રી ડો. આર. ડી. પહાડિયાના માર્ગદર્શન હેઠળ તેમજ તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડો. ભગીરથ બામણીયાના દિશા સૂચન અન્વયે યોજાયો હતો. ગુજરાત સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અને ટી.આઈ. પ્રોજેક્ટ અર્બન હોસ્પિટલ દાહોદના સહયોગથી આયોજિત આ કેમ્પ દરમિયાન ગામજનોને HIV/AIDS, HBV/HCV, STI, સિફિલિસ, ટીબી તેમજ અન્ય આરોગ્યલક્ષી સેવાઓ અંગે સવિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે HIV અને સિફિલિસની તપાસ પણ કરવામાં આવી હતી.

**પ્રજાએ મૂકેલા વિશ્વાસ પર તેઓ હંમેશા ખરા ઉતરે તેવી નેમ**

## વેજલપુરમાં ખુશીનો માહોલ: જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખનું ફૂલહારથી સ્વાગત કરાયું



(પ્રતિનિધિ) કાલોલ, તા.23 જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે આજ રોજ વિધિવત રીતે ચાર્જ સંભાળતાની સાથે જ સમગ્ર પંથકમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. આ ગૌરવપૂર્ણ અવસરે વેજલપુર ગામના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ગામના નવનિયુક્ત પ્રમુખનું હોદ્દો ગ્રહણ કરવા બદલ વેજલપુર ખાતે એક ભવ્ય સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સ્વાગત કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા એ રહી કે, વેજલપુર ગામના બંને સમાજના લોકોએ એકત્રિત થઈને કોમી એકતા અને ભાઈચારાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ગામના આગેવાનો અને વડીલો દ્વારા નવનિયુક્ત પ્રમુખને ફૂલહાર પહેરાવીને મોં મીઠું કરાવવામાં આવ્યું હતું અને ઉજવણી કરવામાં આવી હતી. ગામના અગ્રણીઓએ જણાવ્યું હતું કે: ₹અમારા ગામના પ્રતિનિધિ જિલ્લાના સર્વોચ્ચ પદ પર બિરાજમાન થયા છે તે અમારા માટે ખૂબ જ ગર્વની વાત છે. તેમના નેતૃત્વમાં વેજલપુર સહિત સમગ્ર જિલ્લાનો વિકાસ નવી ઊંચાઈઓ સર કરશે તેવી અમને સંપૂર્ણ શ્રદ્ધા છે.₹પંચમહાલ જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ નીરજકુમાર પટેલ દ્વારા આજ રોજ વિધિવત રીતે ચાર્જ સંભાળવામાં આવ્યો હતો. આ પ્રસંગે વેજલપુર ગામે તેમના ભવ્ય સ્વાગત દરમિયાન સ્થાનિક મુસ્લિમ સમાજના અગ્રણીએ મીડિયા સમક્ષ પ્રતિક્રિયા આપતા ખુશી વ્યક્ત કરી હતી અને પ્રમુખના પિતા સાથેના વર્ષો જૂના કૌટુંબિક સંબંધોને યાદ કર્યા હતા.

મીડિયા સાથે વાતચીત કરતા મુસ્લિમ અગ્રણીએ જણાવ્યું હતું કે .તેમણે વેજલપુર ગામના મુસ્લિમ સમાજના બંને મોહલ્લામાં લોકોએ એક થઈને, ખોબે-ખોબા ભરીને નીરજકુમાર અને ભાજપને વોટ આપ્યા છે અને તેમને વિજેતા બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું છે.

**કાલોલ પોલીસે આરોપી પાસેથી ૪૮ નંગ ગ્લુ-ટ્રેપનો જથ્થો જપ્ત કર્યો**

## કાલોલમાં બસ સ્ટેશન નજીક દુકાનમાંથી પ્રતિબંધિત ગ્લુ-ટ્રેપનું વેચાણ કરતો વેપારી ઝડપાયો




(પ્રતિનિધિ) કાલોલ, તા.23 પંચમહાલ જિલ્લાના કાલોલ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા પ્રતિબંધિત ગ્લુ-ટ્રેપ (ઉંદર પકડવાનું સ્ટીકી પેડ) નું ગેરકાયદેસર વેચાણ કરતા એક વેપારીને ઝડપી પાડી, તેની વિરૂદ્ધ જાહેરનામા ભંગનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા દુકાનમાંથી કુલ ૪૮ નંગ ગ્લુ-ટ્રેપનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.પીડાદાયક મૃત્યુને રોકવા માટે લાદવામાં આવ્યો છે પ્રતિબંધ ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આદેશિત અને નામદાર ગુજરાત હાઈકોર્ટમાં થયેલ Writ Petition (PIL) 28/2024 ના ઓર્ડર અન્વયે પંચમહાલ જિલ્લામાં ગ્લુ-ટ્રેપના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું અમલમાં છે. ગ્લુ-ટ્રેપ પર ચોંટી ગયેલા અબોલ જીવો (જેવા કે ઉંદર, પક્ષી કે અન્ય નાના પ્રાણીઓ) તરસ (ડીહાઈડ્રેશન), ભૂખમરો અને ગુંગળામણના કારણે અત્યંત કમકમાટીભર્યા અને પીડાદાયક રીતે મૃત્યુ પામે છે. આવા ક્રૂર અને પીડાદાયક મૃત્યુને અટકાવવા માટે આ કાયદાકીય પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક (પંચમહાલ-ગોધરા રેન્જ) તથા પોલીસ અધિક્ષક પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કાલોલ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર.ડી. ભરવાડ દ્વારા સ્ટાફને તપાસના આદેશ આપવામાં આવ્યા હતા. જે અંતર્ગત પો.સ.ઈ. એમ.આર. મોહનીઆ અને તેમની ટીમ કાલોલ બસ સ્ટેશન નજીક પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ₹શ્રધ્ધા સ્ટેશનરી₹ નામની દુકાનમાં તપાસ કરતા ત્યાંથી ૪,૮૦૦/- ની કિંમતની કુલ ૪૮ નંગ પ્રતિબંધિત ગ્લુ-ટ્રેપ મળી આવી હતી. પોલીસે આ મામલે વ્રજ વિહાર સોસાયટી, કાલોલના રહેવાસી વેપારી રિંકેશ ભાસ્કરભાઈ શેઠ વિરૂદ્ધ કાલોલ પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. એક્ટ કલમ ૨૨૩ મુજબ (ગુ.ર.નં. ૧૧૨૦૭૦૩૬ ૬૦૫૩૧/૨૬) જાહેરનામા ભંગનો ગુન્હો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.